# મહુધા ના મે.પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબ શ્રી ની કોર્ટ માં , મુકામ– મહુધા

**રે.દિ.કેસ નં.–૪૨/૨૦૧૯**

<u>આંક–૦૫ ની વાદી ની સી.પી.સી. ઓ. ૩૯ , રૂલ્સ–૧ તા ૨ મુજબ ની</u>

<u>કામલચાઉ મનાઈ હુકમ મેળવવા નીઅરજી લગત હુકમ</u>

| |
|---|
| વાદી ઓ તરફે વિ.વ.શ્રી એન.બી. ચૌહાણ |
| પ્રતિવાદી ઓ તરફે વિ.વ.શ્રી વાય.વી. ઠાકોર |

**(૧) વાદી ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી ની હકીકત**

મોજે– મીનાવાળા , તા. મહુધા, જી. ખેડા ની સીમ નો જુનો બ્લોક નંબર/સર્વે નંબર–૧૭, નવો બ્લોક/ સર્વે નંબર–૨૮, જેનુ શ્રેત્રફળ ૦–૫૪–૦૧, જેનો આકાર રૂા.૩.૭૯ જેનો ખાતા નંબર–૩૧૮ વાળી જમીન કે જેના ખુટ નીચે મુજબ છે.

પુર્વે– રોડ આવેલ છે.

પશ્ચિમે– ચંદુભાઈ અમરાભાઈ નુ ખેતર આવેલ છે.

ઉતરે– રોડ આવેલ છે.

દક્ષિણે– રોડ આવેલ છે .

*B.M.Parmar*
*Principal Civil Judge*
*Mahudha*

ઉપરોકત ચાર ખુટ વચ્ચે દાવાવાળી જમીન આવેલ છે. જેના મુળ માલીક અતુલકુમાર પ્રફુલચંન્દ વિગેર ના ઓ હતા. આ દાવાવાળી જમીન વાદી ઓ ના વડીલ શનાભાઈ હોથાભાઈ ના ઓ એ ટેનન્સી કેસ ના આધારે રૂા.૨૦૦૦/- માં વેચાણ રાખેલી. તે અંગે ની રેવન્યુ રેકર્ડ માં ફેરફાર નોધ -૧૪૨૨ ની તારીખ-૩૦/૦૮/૧૯૬૯ ના રોજ પડેલી હતી. ત્યાર થી આ દાવાવાળી જમીન વાદી ઓ ના વડીલો ના પ્રત્યક્ષ કબજા ભોગવટા માં આવેલ હતી. વાદી ઓ ના વડીલો ના અવસાન બાદ રેવન્યુ રેકર્ડ માં ફેરફાર નોધ નંબર-૪૩૨ થી તારીખ- ૨૨/૦૯/૨૦૦૮ ના રોજ વાદી ઓની વારસાઈ કરવા માં આવેલ હતી. આ દાવાવાળી જમીન માં પ્રતિવાદી ઓ કે તેમના વડવા નો કોઈ લાગભાગ હકક કે હીસ્સો આવેલ નથી તેમ છતા પ્રતિવાદી ઓ ના વડીલે પુનાભાઈ ડાહ્યાભાઈ ના ઓ એ તથા બુધાભાઈ ડાહ્યાભાઈ ના ઓ એ ગેરકાયદેસર રીતે કોઈ પણ જાત ની ફેરફાર નોધ પડાવ્યા સિવાય તલાટી સાથે ભળી જઈ ને સને ૧૯૮૫-૮૬ માં તેમનુ નામ દાખલ કરાવી દીધેલ હતુ. સને-૨૦૧૬ ની સાલ માં વાદી ને દાવાવાળી જમીન ની ૭/૧૨ ની નકલ ની જરૂર હોય જેથી કઢાવી ત્યારે વાદી ઓ ને આ બાબત ની જાણ થયેલી. જેથી વાદી ઓ એ મહુધા ના મે. મામલતદાર સાહેબ સમક્ષ - જમન/ક્ષતી/સુધારા/વશી/૭૫૮ ની ક્ષતી સુધારા અરજી દાખલ કરેલ અને જે મામલતદાર સાહેબ શ્રી ના ઓ એ તારીખ-૨૨/૦૯/૨૦૧૭ ના રોજ મંજુર કરેલ હતી અને આ કામ ના પ્રતિવાદી ઓ ના વડીલ ના નામ રેવન્યુ રેકર્ડ માથી કમી કરવા માં આવેલ. આ પ્રતિવાદી ઓ નો દાવાવાળી જમીન માં

કોઈ પણ જાત નો લાગ ભાગ કે હકક હીસ્સો આવેલ ન હોવા છતા આ દાવાવાળી જમીન પડાવી લેવા સારુ તારીખ–૧૯/૧૧/૨૦૧૯ ના રોજ મહુધા પોલીસ સ્ટેશન માં વાદી સામે ફરીયાદ કરેલ. જે ફરીયાદ કર્યા બાદ આ કામ ના પ્રતિવાદી જણાવતા હતા કે દાવાવાળી જમીન હુ પડાવી લેવા નો છુ તારા થી થાય તે કરી લેજે તારી સામે ખોટી ખોટી ફરીયાદ કરી તને હેરાન પરેશાન કરી નાખીશ અને તારે દાવાવાળી જમીન મને આપી જ દેવી પડશે જેથી હાલ ના વાદી ઓ એ પ્રતિવાદી ઓ સામે આ દાવો દાખલ કરેલ છે અને દાવા ની સાથે કામચલાઉ મનાઈ હુકમ મેળવવા ની આ અરજી પણ આપેલ છે અને દાદ માગેલ છે કે –––

દાવાવાળી જમીનમાં વાદી ખેતી કામ કરીને ઉપજ નીપજ લે તેમા પ્રતિવાદી જાતે કે તેમના નોકરો કે એન્જટો મારફતે કોઈ દખલ અંતરાય કરે કરાવે નહી અને વાદી ને ખેતી કામ કરતા કોઈ દખલ અંતરાય કરે કરાવે નહી કે દાવાવાળી જમીન નો ગેરકાયદેસર રીતે કબજો વાદી પાસે થી લે લેવડાવે નહી તેવો દાવાના આખરી નીકાલ સુધી મનાઈ હુકમ ફરમાવવા અરજ છે.

(૨) **પ્રતિવાદી નો જવાબ :–**

વાદી એ સદરહુ અરજી દાખલ કરતા આ કામના પ્રતિવાદી ઓ વિરુઘ્ધ કારણોદર્શક નોટીસ કાઢવા માં આવેલ છે. જે નોટીસ પ્રતિવાદી ઓ ને બજતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૧૨ થી વાદી ની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજી નો સયુકત જવાબ આપેલ છે. આ

જવાબ માં પ્રતિવાદી ઓએ મહંદ અંશે વાદી ના દાવા અરજી તથા મનાઈ અરજી ની હકીકત ખોટી છે તેમ જણાવેલ છે અને તેઓ એ બચાવ લીધેલ છે કે દાવાવાળી જમીન વાદી ઓ તથા પ્રતિવાદી ઓની વડીલોપાર્જીત જમીન આવેલ છે, જે જમીન વાદી ઓ તથા પ્રતિવાદી ઓ ના વડીલ ને ગણોત હકકે મળેલ ત્યાર થી તેઓ ના વડીલ આ દાવાવાળી જમીન માં ખેતી કરી અને ઉપજ નીપજ લેતા હતા. વાદી ઓ તથા તેઓ પ્રતિવાદી ઓ કુટુંબીક ભાઈ થાય છે. ઉપરોકત દાવાવાળી જમીન ની વાદી ઓ તથા પ્રતિવાદી ઓ ના વડીલો વખત થી ઘરમેળે વહેચણી થઈ ગયેલ છે અને તે મુજબ અડધા હીસ્સા ની એટલે કે ઉતર તરફ ની હે.આરે.ચોમી.– ૦–૨૭–૦૦ વાળી મિલ્કત વાદી ઓ ના હીસ્સે આવેલ છે તથા અડધા હીસ્સે ની બાકી રહેતી દક્ષિણ તરફ ની જમીન તેઓ પ્રતિવાદી ઓ ના હીસ્સે આવેલ છે. જે પ્રતિવાદી ઓ ના હીસ્સે આવેલ જમીન ના ખુટ નીચે મુજબ છે

પુર્વે– જાહેર રોડ આવેલ છે.

પશ્ચિમે– ચંદુભાઈ અમરાભાઈ ની જમીન તથા મકાન આવેલ છે.

દક્ષિણે – આ દાવાવાળી જમીન પૈકી ની વાદી ઓ ના હીસ્સા ની જમીન આવેલ છે.

ઉતરે– જાહેર રોડ આવેલ છે.

ઉપરોકત ચાર ખુટ વચ્ચે ની જમીન પ્રતિવાદી ઓ ના હીસ્સે તેમના વડીલો વખત થી કૌટુંબીક ઘરમેળે વહેચણી ના આધારે આવેલ છે ત્યાર થી

*B.M.Parmar*
*Principal Civil Judge*
*Mahudha*

આ જમીન નો પ્રત્યક્ષ કબજો ભોગવટો પ્રતિવાદી ઓ નો આવેલ છે. તેમા પ્રતિવાદી ઓ ખેતી કરી ને ઉપજ નીપજ લે છે.

દાવાવાળી જમીન ના મુળ કબજેદાર વાદી ઓ  તથા પ્રતિવાદી ઓ ના વડીલ ના ઓ હતા. આ મિલ્કત  તેઓ ને ગણોત હકકે મળેલ હતી. સદર મિલ્કત ના વાદી ઓ તથા પ્રતિવાદી ઓ કાયદેસર ના માલીક તથા કબજેદાર છે.  સદર મિલ્કત ગણોત હકકે ખેડતા હોય તથા કુટુંબ માં આ કામ ના વાદી ના વડીલ  શનાભાઈ હોથાભાઈ ના ઓ મોટા ભાઈ વડીલ હોય  તથા દાવાવાળી જમીન ના વહીવટ કર્તા હોય   ઉપરોકત મિલ્કત ની વેચાણ કીંમત તેઓ એ સહીયારી મિલ્કત ની આવક માં થયેલ આવક માંથી ભરપાઈ કરેલી તથા ચલણ પણ તેઓ ના નામે ભરપાઈ થયેલ જેથી ૭/૧૨ માં તેઓ નુ નામ દાખલ થયેલ પંરતુ સદર દાવાવાળી મિલ્કત માં અડધી મિલ્કત તેઓ પ્રતિવાદી  ઓ ના વડીલ ના હીસ્સે તથા કબજા માં હોય  અગાઉના વડીલો એ તેઓ પ્રતિવાદી ઓ ના નામ ત્યારબાદ સને ૧૯૮૫-૮૬ માં રેવન્ય રેકર્ડ ના ૭/૧૨ દાખલકરેલ. ત્યાર થી આ  વડીલો પાર્જીત મિલ્કત  તથા હાલ ની દાવાવાળી મિલ્કત નો પ્રત્યક્ષ કબજો ભોગવટો  પ્રતિવાદી ઓ ના વડીલ નો હતો અને તેઓ ના અવસાન બાદ ઉપરોકત મિલ્કત ની વહેચણી થયા બાદ દરેક ના હીસ્સા શેઢા પાળી પણ સ્થળે અગલ થયેલ છે જેથી પ્રતિવાદી ઓના હીસ્સે આવેલ મિલ્કત ઉપર પ્રતિવાદીઓ નો કબજો ભોગવટો  છે અને તેઓ પ્રતિવાદી તેમા ખેતી કરી અને સીઝન મુજબ પાકો પણ લઈએ છે. વાદી ઓ એ મામલતદાર સાહેબ મહુધા સાથે મેળાપીપણુ કરી  કહેવાતી ક્ષતિ સુધારા

અરજી આપી  પ્રતિવાદી ઓ ને કોઈ પણ જાત ની નોટીસ બજાવ્યા સિવાય પ્રતિવાદી ઓ ના વડીલો ના નામ કઢાવી નાખેલ છે અને આ હુકમ સામે તેઓ પ્રતિવાદી ઓ એ ના. કલેકટરશ્રી નડીયાદ ના ઓ ની સમક્ષ અપીલ પણ દાખલ કરેલ છે અને જે હાલ પેન્ડીંગ છે. વાદી ઓ માથા ભારે અને એક જુથ વાળા હોય  જેથી પ્રતિવાદી ઓ ને મિલ્કતો બાબતે ખોટી રીતે હેરાન પરેશાન કરે છે. વાદી એ તેમના દાવા તથા મનાઈ અરજી માં ખોટી અને મનઘડત હકીકત જણાવેલ છે જેથી વાદી ને માગ્યા મુજબ નો મનાઈ હુકમ મળી શકે તેમ નથી, વાદી ઓ નો પ્રાયમાફેસી કેસ નથી જેથી વાદી ની હાલ ની અરજી નામંજુર કરવા અરજ છે.

(૩) **પક્ષકાર ના ઓના વિ.વ.શ્રી ની દલીલો :--**

(૩.૧) વાદી ના વિ.વ.શ્રી એન.બી. ચૌહાણના ઓ એ આંક-૧૬ થી લેખીત દલીલો રજુ કરેલ છે તે વંચાણે લીધી.  વધુ માં વાદી ના વિ.વ.શ્રી ના ઓ એ રજુઆત  કરેલ  છે કે -- દાવાવાળી જમીન તેઓ વાદી ઓ ના વડીલ ને ગણોત હકકે મળેલ છે, તે બાબત ની ફેરફાર નોધ તેઓ એ હાલ ના કામે રજુ કરેલ છે., દાવાવાળી જમીન તેઓ ના વડીલ ના અવસાન બાદ તેઓ વાદી ઓ ના નામે રેવન્યુ રેકર્ડ માં દાખલ થયેલ છે તે અનુસંધાને ના દસ્તાવેજી પુરાવા પણ તેઓ એ આંક-૩ થી રજુ કરેલ છે., વાદી ઓ નો દાવાવાળી જમીન માં કબજો ભોગવટો આવેલ છે., વાદી ઓ નો પ્રાયમાફેસી કેસ છે., જે વાદી ઓ ને મનાઈ હુકમ આપવા માં ના આવે તો  નાણા થી

*B.M.Parmar*
*Principal Civil Judge*
*Mahudha*

ભરપાઈ ના થઈ શકે તેવુ નુકસાન વાદી ઓ નેજ છે, જેથી વાદી ઓ ને માગ્યા મુજબ નો મનાઈ હુકમ આપવા અરજ છે.

(૩.૨) પ્રતિવાદી ના વિ.વ.શ્રી ની મુખ્યત્વે રજુઆત છે કે દાવાવાળી જમીન ઉપર પ્રતિવાદી ઓ નો કબજો ભોગવટો આવેલ છે., વાદી ઓ એ મામલતદારશ્રી સાથે ભળી ને તેઓ ના નામ કમી કરાવેલ છે., વાદી નો પ્રથમદર્શનીય કેસ નથી., જેથી વાદી ઓ ને માગ્યા મુજબ નો મનાઈ હુકમ ન આપવા અરજ છે. આ તમામ હકીકતો ધ્યાને રાખી વાદી ની કામચલાઉ હુકમ મેળવવા ની અરજી આથી નામંજુર કરવા અરજ છે.

(૪) **નિર્ણય માટે ના મુદદા :--**

(૧) શુ વાદી નો પ્રથમદર્શનીય કેસ છે ?

(૨) શુ સગવડતા-અગવડતા નુ પલ્લુ વાદી ના તરફેણ માં છે ?

(૩) શુ વાદી ના તરફેણ માં માગ્યા મુજબ નો મનાઈ હુકમ ન આપવા માં આવે તો વાદી ને નાણા થી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થવાનો સંભવ છે ?

(૪) શુ હુકમ ?

(૫) ઉપરોકત મુદદા ના નિર્ણય નીચે મુજબ ના છે.

(૧) હકાર માં

(૨) હકાર માં

(૩) હકાર માં

(૪) આખરી હુકમ મુજબ

--: નિર્ણય અંગે ના કારણો :--

(૬) **<u>મુદદા નંબર-૧</u>**

વાદી ની મુખ્ય તકરાર એ છે કે દાવાવાળી જમીન મોજે-મીનાવાળા , તા. મહુધા, જી. ખેડા ની સીમ નો જુનો બ્લોક નંબર/સર્વે નંબર-૧૭, નવો બ્લોક/ સર્વે નંબર-૨૮, જેનુ શ્રેત્રફળ ૦-૫૪-૦૧, જેનો આકાર રૂ।.૩.૭૯ જેનો ખાતા નંબર-૩૧૮ વાળી જમીન તેઓ ના વડીલ શનાભાઈ હોથાભાઈ ના ઓ ને ગણોત હકકે મળેલ હતી અને ટેનન્સી કેસ ના આધારે રૂ।. ૨૦૦૦/- મો તેઓ ના આ વડીલ શનાભાઈ હોથાભાઈ ના ઓ એ વેચાણ રાખેલ હતી. આ હકીકત ના સમર્થન માં વાદી તરફે માર્ક-૩/૬ થી આ બાબત ની ફેરફાર નોધ નંબર-૧૪૨૨ ની પ્રમાણીત નકલ રજુ કરવા માં આવેલ છે. વધુ માં વાદી તરફે રજુઆત છે કે તેઓ ના વડીલ ના અવસાન બાદ વારસાઈ હકકે તેઓ ના નામ આ દાવાવાળી જમીન માં દાખલ થયેલ છે. તે દર્શાવવા સારુ વાદી તરફે આ વારસાઈ ની ફેરફાર નોધ નંબર- ૪૩૨ હાલ ના કામે માર્ક૩/૩ થી રજુ કરવા માં આવેલ છે. આ બંને દસ્તાવેજી પુરાવા વાદી ની જે મુખ્ય તકરાર છે કે આ દાવાવાળી જમીન તેઓ ના વડીલ શનાભાઈ હોથાભાઈ ના ઓ ને ગણોત હકકે મળેલ હતી તેને સમર્થન આપે છે

અને આ દાવાવાળી જમીન માં નમુના નંબર– ૭ ની નકલ માર્ક–૩/૧ થી રજુ તેમા પણ હાલ ના વાદીઓ ના નામે છે.

જયારે બીજી તરફે પ્રતિવાદી ઓ તરફે મુખ્ય તકરાર છે કે આ દાવાવાળી જમીન વાદી ઓ ના વડીલ તથા પ્રતિવાદી ઓ ના વડીલ ને સયુકત રીતે ગણોત હકક માં મેળેલ હતી અને વાદી ઓ તથા પ્રતિવાદી ઓ કૌટુબીક ભાઈ ઓ છે., આ દાવાવાળી જમીન તેઓ ના વડીલો વખત થી તેઓ પ્રતિવાદી ઓ તથા વાદી ઓ ની વચ્ચે વહેચણ થયેલ છે અને તે પૈકી આ દાવાવાળી જમીન નો દક્ષિણ તરફ નો અડધો હીસ્સો તેઓ પ્રતિવાદી ઓ ના હીસ્સે આવેલ છે. પંરતુ આ તકરાર અનુસંધાને જણાવવાનુ કે સૌપ્રથમ તો વાદી ઓ ના વડીલ તથા પ્રતિવાદી ઓ ના વડીલ કૌટુબીક ભાઈ ઓ થતા હતા તે બાબત નુ કોઈ પેઢીનામુ હાલ ના કામે પ્રતિવાદી તરફે રજુ કરવા મા ંઆવેલ નથી. વધુ માં તેઓના વડીલો વખત થી વહેચણ થયેલ હતી તે બાબત નો કોઈ દસ્તાવેજી આધાર પુરાવો પણ પ્રતિવાદી ઓ તરફે રજુ કરવા માં આવેલ નથી. વધુ માં આ દાવાવાળી અડધી જમીન તેઓ ના કબજા ભોગવટા માં આવેલ છે તે દર્શાવતો કોઈ દસ્તાવેજી આધાર પુરાવો પણ પ્રતિવાદી ઓ તરફે રજુ કરવા માં આવેલ નથી. જયારે બીજી તરફે રેવન્યુ રેકર્ડ માં આ દાવાવાળી જમીન ના કબજેદાર તરીકે વાદી ઓ ના નામ આવેલ છે. વાદી ઓ એ મહુધા ના મામલતદારશ્રી રૂબરૂ ક્ષણી અરજી કરી ને આ પ્રતિવાદી ઓ ના દાવાવાળી જમીન માં કોઈ પણ જાત ના ફેરફાર નોધ સિવાય દાખલ થયેલ હતા તે કમી કરાવેલ છે અને તે મામલતદારશ્રી ના હુકમ સામે આ હાલ ના પ્રતિવાદી ઓ એ

*B.M.Parmar*
*Principal Civil Judge*
*Mahudha*

ના. કલેકટર સાહેબ સમક્ષ અપીલ દાખલ કરેલ તે અપીલ પણ તેઓ ની નામંજુર થયેલ છે અને તે હુકમ ની નકલ પણ વાદી તરફે માર્ક–૧૫/૨ થી રજુ છે. જે હુકમ સામે પ્રતિવાદી ઓ એ અપીલ કરેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો હાલ ના કામે રજુ કરેલ નથી. આમ આ તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા વાદી નો પ્રથમદર્શનિય કેસ છે તેવુ જણાઈ આવે છે. આથી મુદદા નંબર–૧ નો જવાબ હકાર માં આપુ છુ.

(૮) <u>મુદદા નંબર–૨ તથા ૩</u>

ઉપરોકત ચર્ચા કરી તે મુજબ દાવાવાળી જમીન માં રેવન્યુ રેકર્ડ માં વાદી ઓ ના નામ કબજેદાર તરીકે આવેલ છે., આ રેવન્યુ રેકર્ડ ખોટુ છે તે બાબતે પ્રતિવાદી તરફે કોઈ તકરાર નથી., વાદી ના વડીલો ને ગણોત હકકે આ જમીન મળેલ હતી તેની ફેરફાર નોધ પણ હાલ ના કામે વાદી ઓ તરફે રજુ કરવા માં આવેલ છે., વાદી ઓ ના નામ પણ આ તેઓ ના વડીલ ના અવસાન બાદ ફેરફાર નોધ ના આધારે રેવન્યુ રેકર્ડ માં દાખલ થયેલ છે અને તે ફેરફાર નોધ ની નકલ પણ હાલ ના કામે વાદી તરફે રજુ કરવા માં આવેલ છે, આમ વાદી ઓ નો પ્રથમદર્શનીય કેસ છે. બીજી તરફે પ્રતિવાદી ઓ આ દાવાવાળી જમીન નો તેઓ કબજો ભોગવટો દર્શાવે છે તે દર્શાવવા સારુ રેકર્ડ ઉપર કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.,જેથી વાદી ને માગ્યા મુજબ નો મનાઈ હુકમ ના આપવા માં આવે તો વાદી ઓ ને ખેતી કામ કરવા માં તથા ખેતી ની ઉપજ નીપજ લેવા માં તકલીફ પડે જેથી નાણા માં આંકી ન શકાય

તેવુ નુકસાન થવાની સંભાવના જણાઈ આવે છે. તેનાથી વિપરીત વાદી ને આ મનાઈ હુકમ આપવા થી પ્રતિવાદી ઓ ને અગવડતા નો સામાનો કરવો પડે તેવી શકયતા નથી. , તેમજ તેમને કોઈ નાણા માં આંકી ન શકાય તેવુ નુકસાન થવાની સંભાવના નથી, તેથી સગવડતા ની સમતુલા તથા નાણા માં ન આંકી શકાય તેવુ નુકસાન થવાની સંભાવના તે બંને વાદી ના તરફેણ માં છે તેવુ અત્રે ની અદાલત નુ નમ્રપણે માનવુ છે. જેથી મુદદા નંબર–૨ તથા ૩ નો જવાબ હકાર માં આપવા માં આવે છે.

(૯) <u>મુદદા નંબર–૪</u>

ઉપરોકત ચર્ચા કરી તે મુજબ મનાઈ હુકમ મેળવવા ના ત્રણેય તત્વો વાદી પોતાની તરફેણ માં પુરવાર કરી શકેલ છે. જેથી વાદી માગ્યા મુજબ નો મનાઈ હુકમ મેળવવા માટે હકદાર બને છે જેથી મુદદા નંબર–૪ અન્વયે નીચે મુજબ હુકમ કરવા માં આવે છે.

## <u>હુકમ</u>

(૧) વાદી ની હાલ ની કામચલાઉ મનાઈ હુકમ ની અરજી મંજુર કરવા માં આવે છે.

(૨) મનાઈ અરજી ના પેરા નંબર–૧ માં જણાવેલ દાવાવાળી જમીન મા વાદી ઓ ખેતી કામ કરે તથા તેની ઉપજ નીપજ લે, તેમા આ કામ ના પ્રતિવાદી ઓ એ જાતે કે તેમના માણસો કે એજન્ટો મારફતે દખલ અંતરાય

કે હેલો હરકત  કરવી કરાવવી નહી  તેવો  કામચલાઉ મનાઈ હુકમ દાવા ના આખરી  નિર્ણય ન થાય ત્યા સુધી પ્રતિવાદી ઓ વિરુધ્ધ ફરમાવવા માં આવે છે.

(૩)  અરજી ના ખર્ચ નો નિર્ણય દાવા ના આખરી નિર્ણય ને અનુસરશે.

(૪)  આ સાથે આ દાવા ના કામે ઈસ્યુ ફ્રેઈમ કરવા માં આવેલ છે જેથી બંને પક્ષકારો એ બે માસ માં   પોતાના તમામ  પુરાવા રજુ કરી  દેવા નો હુકમ કરવા માં આવે છે.

હુકમ આજ રોજ  ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ– મહુધા (ભરતકુમાર મનમોહનભાઈ પરમાર)
તા.૧૪/૦૮/૨૦૨૩ પ્રિન્સિ. સિવિલ જજ, મહુધા
(કોડ નં.જીજે.૦૧૩૪૮)

*B.M.Parmar*
*Principal Civil Judge*
*Mahudha*